‘હર ઘર દસ્તક’ : શહેર-જિલ્લામાં બે દિવસમાં વધુ ૨૭ હજારનું વેક્સિનેશન

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લા અને શહેરમાં કોરોના વેક્સિનેશન અભિયાન હાઉસ ટુ હાઉસ વેગીલુ બન્યુ છે. બે દિવસમાં જ ૨૭ હજાર જેટલા લોકોને આ અભિયાનમાં આવરી લેવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેર જિલ્લામાં આજે ૧૩,૮૯૭ અને ગઈકાલે ૧૪ હજાર જેટલા લોકોને આવરી લેવામાં આવ્યા હતા. દિપાવલી પર્વ સંપન્ન થયા બાદ તંત્રએ હર ઘર દસ્તક અભિયાન અંતર્ગત હાઉસ ટુ હાઉસ વેક્સિનેશન અભિયાન વેગીલી રીતે હાથ ધર્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે સતત બીજે દિવસે ૧૨ હજારથી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા હતા. શહેરમાં આજે ૧૪૩૧ લોકોને આવરી લેવામાં આવ્યા હતા. ગઈકાલે ૨૧૦૦થી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.

ગાંધીનગર શહેર-જિલ્લામાં હાઉસ ટુ હાઉસ અભિયાન ઉપરાંત સેશન સાઈટો જે નિયત કરાઈ છે ત્યાં વેક્સિનેશન અભિયાન ચાલી રહ્યુ છે. શહેરમાં ૮૦ ટકાથી વધુ લોકોને વેક્સિનના બન્ને ડોઝ અપાયા છે જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં ૭૦ ટકા લોકોને આવરી લેવામાં આવ્યા છે.

વેક્સિનના એ કોરોનાના પ્રતિકાર માટે શ્રેષ્ઠ વિકલ્પ છે તે સમજાવવામાં તંત્રને સફળતા મળી રહી છે. શહેર-જિલ્લામાં વેક્સિનના પ્રથમ ડોઝ માટે પોલિંગ બુથ પેટર્ન પર કામ કરવામાં આવ્યુ હતુ જે નોંધનીય છે.

મળતી વિગતો મુજબ વેક્સિનેશનના બીજા ડોઝ માટે સંક્રમણ ઘટતાં લોકોમાં થોડીક ઉદાસીનતા પ્રવર્તી રહી છે. શહેરમાં તંત્રએ રોજના ૧૦ હજાર પ્રમાણે એસ.એમ.એસ. કર્યા હતા પરંતુ તેમાં ધાર્યો પ્રતિસાદ સાંપડ્યો ન હતો. હવે હાઉસ ટુ હાઉસ અભિયાન સઘન રીતે હાથ ધર્યુ છે અને બે જ દિવસમાં ૨૭ હજારથી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

શહેરમાં અત્યાર સુધીમાં ૩,૬૫,૫૯૪ને વેક્સિનનો પ્રથમ ડોઝ અને ૨,૩૭,૮૨૦ને વેક્સિનના બન્ને ડોઝ આપી દેવામાં આવ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૮,૨૦,૧૧૯ ને વેક્સિનો પ્રથમ ડોઝ અને ૫,૬૭,૭૫૩ લોકોને વેક્સિનના બન્ને ડોઝ આપી દેવામાં આવ્યા છે.

ગુજરાતમાં ભાગ્યે જ નજરે ચડતું પક્ષી રાખોડી ચિલોત્રો (ઈન્ડિયન ગ્રે હોર્નબીલ) ગાંધીનગર શહેરમાં હવે સામાન્ય બન્યું છે. આમ તો આ પક્ષી ગુજરાત સિવાયના ભારતના ઘણા ભાગોમાં સામાન્ય રીતે જોવા મળી જતું હોય છે. પરંતુ ગુજરાતમાં તે કેટલાંક વૃક્ષ આચ્છાદિત જંગલ વિસ્તારમાં ક્યારેક ક્યારેક જ જોવા મળે છે. પરંતુ થોડાક સમયથી આ પક્ષી ગાંધીનગર શહેરના ઇન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન અને અરણ્ય ઉદ્યાન સિવાય પણ માનવ વસ્તી ધરાવતા સેક્ટર અને સરગાસણ વિસ્તારમાં પણ જોવા મળે છે. હાલમાં આ પક્ષી ટીપી-૯ ના પ્રમુખ એલિઝીયમ પાસે આવેલા વૃક્ષમાં જોવા મળ્યું. આ પક્ષીઓની હાજરી શહેરના વૃક્ષ આચ્છાદિત વિસ્તારોની સારી સ્થિતિ દર્શાવે છે.

પી.એમ. સ્વનિધિ સહાય યોજનાના ધિરાણ માટે બેંકોની ઉદાસીનતા સામે મનપા લાલ ઘૂમ

ગાંધીનગર, તા. ૧૯

પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના અંતર્ગત બેંકો દ્વારા ધિરાણ આપવામાં દાખવવામાં આવી રહેલ ઉદાસીન વલણને લઈ બેંકિંગ ક્ષેત્રના અધિકારીઓની એક બેઠક મનપાએ યોજી હતી.

આ બેઠકમાં મનપાએ સ્પષ્ટ ચીમકી આપી છે કે આ ધિરાણોમાં ઉદાસીનતાનું વલણ છોડવામાં નહિ આવે તો તેમના વિરૂદ્ધ રિપોર્ટ કરવામાં મનપા ઉદાસીનતા દાખવશે નહિ.

ગઈકાલે ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે યોજાયેલી આ બેઠકમાં ૬ થી વધુ બેંકોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. બસ્સોથી વધુ અરજદારોની અરજીઓ ભલામણ સાથે બેંકોને મોકલી આપવામાં આવી છે પણ હજુ સુધી આ અરજદારોને ધિરાણ ન મળતાં મનપાનું તંત્ર ચોંકી ઉઠ્યુ હતુ.

મળતી વિગતો પ્રમાણે આ બેઠકમાં મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાને લઈ પણ સમીક્ષા કરવામાં આવી હતી. પ્રધાનમંત્રી સ્વનિધિ સહાય યોજનામાં ૧૦ હજારનું ધિરાણ આપવામાં આવે છે. આ ધિરાણ સમય મર્યાદામાં ભરપાઈ થઈ જાય તો અરજદારને ૨૦ હજાર સુધીનું ધિરાણ આપવાની જોગવાઈ છે.

કેન્દ્રએ રાજ્ય પુરસ્કૃત યોજનાઓના ધિરાણમાં બેંકો દ્વારા સતત ઉદાસીન વલણ દાખવવામાં આવી રહ્યુ છે. ડીએલસીસીની બેઠકમાં પણ આ મુદ્દે વારંવાર ચર્ચાઓ થઈ છે. મનપાએ હવે આ મુદ્દે કડક વલણ અખત્યાર કરવાનો નિર્ણય લીધો છે.

રેલ્વેલાઈન બ્રોડગેજ થયા બાદ કલોલ રેલ્વે સ્ટેશને અનેક ટ્રેનોના સ્ટોપેજ બંધ કરી દેવાતા હાલાકી

ગાંધીનગર, તા. ૧૯

અમદાવાદ-મહેસાણા તરફની રેલ્વેલાઈન મીટર ગેજમાંથી બ્રોડગેજમાં પરિવર્તિત થતાં કલોલ રેલ્વે સ્ટેશને અગાઉ ઉભી રહેતી મોટાભાગની ટ્રેનોના સ્ટોપેજ બંધ કરી દેવાતા મધ્યમ અને જરૂરિયાતમંદ વર્ગના મુસાફરોને હાલકી પડી રહી હોવાની કલોલ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ મુકેશ પરમારે ગાંધીનગર લોકસભા વિસ્તારના સાંસદ અમિતભાઈ શાહને પત્ર લખી રજુઆત કરી છે. આ સાથે તેમણે આ ટ્રેનોને ફરીથી કલોલ સ્ટોપેજ આપવા માંગ પણ કરી છે.

કલોલ સ્ટેશને અગાઉ ઉભી રહેતી અજમેર ઈન્ટરસિટી, અમદાવાદ-જમ્મુતાવી, આગ્રા એક્સપ્રેસ, ગ્વાલિયર એક્સપ્રેસ, ગાંધીધામ-બરેલી એક્સપ્રેસ, દિલ્હી માટેની આશ્રમ એક્સપ્રેસ, જોધપુર-બેંગ્લોર, અજમેર-બેંગ્લોર અને સૂર્યનગરી એક્સપ્રેસના સ્ટોપેજ બ્રોડગેજ લાઈનમાં પરિવર્તન સાથે બંધ કરી દેવાયાં હોવાથી કલોલથી અમદાવાદ, ગાંધીનગર તેમજ મહેસાણા માટે અપડાઉન કરતા મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ ટ્રેનોમાં મુસાફરી કરનારા મુસાફરોમાં મધ્યમ અને ગરીબ વર્ગના મુસાફરો જેઓ નોકરી-વ્યવસાય માટે અથવા શાળા-કોલેજના શિક્ષણ માટેના વિદ્યાર્થીઓ ઉપરાંત અનેક પરપ્રાંતિય કામદારો પણ હોવાનું રજુઆતમાં જણાવાયું છે.

સેક્ટ-૩ ના બગીચામાં નવા બનાવેલ શૌચાલયની પાણીની અંડરગ્રાઉન્ડ ટાંકીનું ઢાંકણુ નથી. ભયજનક રીતે આ ટાંકી ખુલ્લી રહેતા કોઈ નાનુ બાળક કે પ્રાણી તેમાં પડી શકે છે. સત્વરે આ અન્ડરગ્રાઉન્ડ ટાંકીનું કામ પુરૂ કરી ઢાંકણુ નાંખવા શહેરીજનો માંગ કરી રહ્યા છે.

બિન બદલીપાત્ર કર્મયોગીઓને ગાંધીનગરમાં ઘર માટે રાહતદરે પ્લોટ ફાળવવા રજૂઆત

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરમાં વિના હરાજીએ બિન બદલીપાત્ર કર્મચારીઓને જમીનના પ્લોટ ફાળવવાની નવી નીતિ જાહેર કરવાની માંગ ગુજરાત સચિવાલય ફેડરેશન દ્વારા કરવામાં આવી છે.

ફેડરેશનના પ્રમુખ જયેશ રાવલ અને મહામંત્રી મહેશસિંહ વાઘેલાએ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને બે પાનાનો પત્ર લખી આ માંગ કરી છે.

આ પત્રમાં આગેવાનોએ જણાવ્યુ છે કે ગાંધીનગર સચિવાલય ખાતે માત્ર બિનબદલીપાત્ર કર્મચારીઓને રહેણાંક માટે રાહતદરે જમીન ફાળવણીનો લાંબા સમયથી આજ દિન સુધી નિર્ણય લેવાયો નથી. ૨૦૦૧માં બદલીપાત્ર કર્મચારીઓને રહેણાંક માટે રાહતદરે જમીન ફાળવણીનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

૧૯૮૪-૮૫ માં ગાંધીનગર શહેરમાં બિન બદલીપાત્ર કર્મચારીઓને પ્લોટ ફાળવવાના નિર્ણય લેવાયાને આજે ૪૦ વર્ષ જેટલો સમય થઈ ગયો છે. કર્મચારીઓ સેવા નિવૃત્ત પણ થયા છે અને નવી ભરતી પણ કરવામાં આવી રહી છે ત્યારે બિન બદલીપાત્ર કર્મયોગીઓના હિતમાં વિકાસના ધ્યેય સાથે આગળ વધતી સરકાર ઝડપથી નિર્ણય લેશે તેમ આ પત્રમાં જણાવવામાં આવ્યું છે.

રાજ્યમાં સતત બીજા દિવસે કમોસમી વરસાદ

ગાંધીનગર, તા.૧૯

ગુજરાતના વાતાવરણમાં આવેલાં પલટાને કારણે રાજ્યમાં સતત બીજા દિવસે કમોસમી વરસાદ વરસી રહ્યો છે. દક્ષિણ ગુજરાતમાં આજે સુરતમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો, જ્યારે વરસાદમાં પણ માવઠું પડ્યું હતું. સુરત શહેરમાં સાંજના સમયે બે કલાકમાં દોઢ ઈંચ વરસાદ ખાબક્યો હતો, જેને કારણે રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા.

જ્યારે વલસાડ જિલ્લાના પારડી, વાપી, વલસાડ તાલુકામાં કમોસમી વરસાદ વરસ્યો હતો. શિયાળામાં પણ રાજ્યમાં ચોમાસા જેવો માહોલ સર્જાતાં જગતના તાત ચિંતામાં મુકાયા છે અને ડાંગર, શેરડી સહિતના પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. આ ઉપરાંત બનાસકાંઠાના વિવિધ વિસ્તારોમાં પણ કમોસમી વરસાદ તૂટી પડ્યો હતો.

અડાલજ કેનાલ પાસે યુવક-યુવતિને છરી બતાવી લુંટી લેનાર બે ઝડપાયા

ગાંધીનગર,તા.૧૯

ગાંધીનગર સરખેજ માર્ગ પર સુઘડ નર્મદા કેનાલ પાસે ઉભા રહેલા મોટેરા વિસ્તારના યુવક-યુવતિને છરીની અણીએ દાગીના, મોબાઈલ, રોકડ તેમજ બુલેટ સહિતની લુંટ ચલાવનાર ત્રણ આરોપીઓ પૈકી બે આરોપીઓને એસઓજીની ટીમે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદના મોટેરા વિસ્તારમાં રહેતો અને મુળ માણસાનો વતની ફેનીલ પટેલ ગત તા.૧૦ નવેમ્બરના રોજ તેના ભાઈનું બુલેટ લઈ સુઘડ કેનાલના સર્વિસ માર્ગ પર આવ્યો હતો. તેની સાથે તેની પ્રેમીકા પણ એકટીવા લઈને આવી હતી. બંન્ને જણા વાતચીત કરી રહ્યા હતા, તે સમયે અચાનક ઝાડી વિસ્તારમાંથી ત્રણ લુંટારૂઓ આવ્યા હતા. તેમાંથી એક લુંટારૂએ ફેનિલને લાફો

મારીને જે કંઈ પણ ચીજવસ્તુ હોય તે આપી દેવા માટે કહ્યું હતું. તો બીજા શખ્સે છરી કાઢીને કંઈ નહી આપે તો તારી પ્રેમીકાને પતાવી દેવાની ધમકી આપતા યુવક-યુવતિ ગભરાઈ ગયા હતા. જયારે ત્રીજા શખ્સે ફેનિલ પાસેથી ચાંદીની લકી, મોબાઈલ ફોન, યુવતિએ પહેરેલી સોનાની બે વીંટી સહિત રોકડ રકમ લઈ ત્રણેય જણા બુલેટ લઈ નાસી છુટ્યા હતા. બનાવને પગલે અડાલજ પોલીસે રૂ.૫૨,૮૫૦ ના મુદ્દમાલની લુંટનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. જેને પગલે સ્થાનિક પોલીસ સાથે એસઓજી અને એલસીબીની ટીમો પણ તપાસમાં જોડાઈ હતી. પોલીસની ટીમોએ ૧૦૦ થી વધુ સીસીટીવી ફુટેજ ચકાસીને ત્રણ પૈકી બે આરોપી શેરસિંઘ અભેસિંઘ ભાદા તેમજ રૂપસિંઘ ઉર્ફે રૂપલો બચ્ચનસિંઘ ભાદાને પકડી પાડ્યા હતા. પોલીસે આરોપીની કડક પુછપરછ કરતા તેઓએ સુરજીતસિંઘ ઈન્દ્રસિંઘ બાવરી સાથે મળીને લુંટના ગુનાને અંજામ આપ્યાની કબુલાત કરી હતી. ત્યારે પોલીસે ફરાર આરોપી સુરજીતસિંઘને પકડી પાડવા માટે તપાસ તેજ કરી છે.જયારે રૂપસિંઘ સામે સાબરમતિ પોલીસ મથકમાં પણ મિલ્કત સંબંધી ત્રણ ગંભીર ગુના નોંધાયા હોવાનું સામે આવ્યું છે.

કલોલ તાલુકાના છત્રાલ ગામે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત એક-એક લાખની ક્ષમતા ધરાવતી બે પાણીની ટાંકી, ૧ લાખ લીટર પાણીની ક્ષમતા ધરાવતો સંપ રૂ. ૪૮ લાખના ખર્ચે નિર્માણ કરવાના કામની ખાતવિધિ કરવામાં આવી હતી. એક નાની બાલિકાના હસ્તે આ ખાતવિધિ પાણી પુરવઠા વિભાગ દ્વારા કરવામાં આવી હતી.

ચિલોડા પાસેથી ઈપીઈ કીટની આડશમાં ૧૪ લાખના દારૂ-બિયરની ૨૮૮ પેટી પકડાઈ

ગાંધીનગર, તા.૧૯

હરીયાણા થી અમદાવાદ ઈપીઈ કીટની આડમાં લઈ જવાતો લાખો રૂપીયાના દારૂના વેપારની હેરાફેરી એલસીબી-૨ પોલીસે પકડી પાડી છે. ચિલોડા મહુન્દ્રા પાટીયા પાસેથી પોલીસે અધધ દારૂ-બિયરનો જથ્થો પકડી પાડ્યો હતો. પોલીસે કન્ટેનરમાં તપાસ કરતા વિદેશી દારૂ-બિયરની કુલ-૨૮૮ પેટી કુલ બોટલ નંગ-૭૭૬૪ કિં.રૂ.૧૪,૭૯,૦૦૦ સહિત રૂ.૯૫ હજારની ૩૧૭ નંગ ઈપીઈની શીટો, ટ્રક અને મોબાઈલ મળી કુલ રૂ.૨૫,૭૪,૬૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી ડ્રાઈવરની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાની સુચનાથી એલસીબી પોલીસ ટીમ દારૂની હેરાફેરી પકડી પાડવા માટે તે દિશામાં કાર્યરત હતી. તે દરમિયાન પીએસઆઈ પી.ડી.વાઘેલાને બાતમી મળી હતી કે હરીયાણા પાર્સિંગના કન્ટેનરમાં મોટીમાત્રામાં દારૂનો જથ્થો છે અને તે હિંમતનગર તરફથી આવી રહ્યો છે. આ કન્ટેનર ચિલોડા થઈને અમદાવાદ તરફ જવાની છે. જેને પગલે પીએસઆઈ એસ.પી.જાડેજા સહિતના સ્ટાફના જવાનોએ મહુધરા પાસે વોચમાં ગોઠવાઈ ગયા હતા. બાતમીવાળી ટ્રક એચ.આર.૫૫.એમ.-૨૨૦૬ દેખાતા તેને આડશ કરીને રોકી દીધી હતી. બાદમાં કન્ટેનરમાં ટીમે તપાસ કરતા ઈપીઈ ફોર્મની સીટોની આડશમાં વિદેશી દારૂ-બિયરનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂ-બિયરનો જથ્થો ગણી જોતા ૨૮૮ પેટીઓ હતી તેની સાથે ડ્રાઈવર રાજેન્દ્ર છોટુરામ નેતરામ નાયકની કડક પુછપરછ કરતા તેને કબુલાત કરી હતી કે આ દારૂનો જથ્થો તેની સામે રહેતા સંદિપસિંઘ જાટનો છે અને ટ્રક માલિક કિશનસિંઘે આ દારૂનો જથ્થો ભરી આપ્યો હતો. હરીયાણા થી અસલાલી પહોંચ્યા બાદ ફોન પર ડીલીવરીની જગ્યાની સુચના મળવાની હતી. પોલીસે રૂ.૧૪.૭૯ લાખનો દારુ-બિયરની બોટલ નંગ-૭૭૬૪ તેમજ મોબાઈલ ફોન, ઈપીઈ શીટો, ટ્રક મળી કુલ રૂ.૨૫,૭૪,૬૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

રાજ્યમાં કોરોનાના નવા ૩૬ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૧૯

ગુજરાતમાં આજે કોરોનાના નવા ૩૬ કેસ સામે આવ્યા છે. તો બીજી તરફ ૧૬ દર્દીઓ સાજા પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૬,૭૨૬ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ ૯૮.૭૪ ટકાએ પહોંચી ચુક્યો છે. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. આજે કુલ ૩,૪૨,૧૫૧ ડોઝ રસીના આપવામાં આવ્યા હતા. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ કુલ ૩૩૧ એક્ટિવ કેસ છે. જે પૈકી ૫ નાગરિકો વેન્ટિલેટર પર છે જ્યારે ૩૨૬ સ્ટેબલ છે. ૮,૧૬,૭૨૬ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. આજે વલસાડમાં ૧ નાગરિકનું મોત થયું છે. ૧૦૦૯૧ નાગરિકોનાં મોત થઈ ચુક્યા છે. અમદાવાદ કોર્પોરેશનમાં ૧૦, વડોદરા કોર્પોરેશન ૮, નવસારી ૪, સુરત કોર્પોરેશન ૩, આણંદ, જામનગર અને મહેસાણામાં ૨-૨ કેસ સામે આવ્યા છે. ગાંધીનગર કોર્પોરેશન, કચ્છ, સાબરકાંઠા, સુરત અને વલસાડમાં ૧-૧ કેસ નોંધાયા છે.

પાછા ખેંચાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

વર્ષોથી આ માંગ દેશના ખેડૂતો અને નિષ્ણાતો, અર્થશાસ્ત્રીઓ દ્વારા કરવામાં આવી રહી હતી. જ્યારે આ કાયદાઓ લાવવામાં આવ્યા ત્યારે સંસદમાં ચર્ચા થઈ હતી. દેશના ખેડૂતો અને સંગઠનોએ તેનું સ્વાગત કર્યું, સમર્થન કર્યું. હું બધાનો ખૂબ જ આભારી છું. મિત્રો, અમારી સરકાર ખેડૂતોના કલ્યાણ માટે કામ કરી રહી છે. ખેડૂતોની સ્થિતિ સુધારવા માટે ત્રણ કૃષિ કાયદા લાવવામાં આવ્યા હતા. જેનો હેતુ ખેડૂતોને વધુ શક્તિ આપવાનો હતો. તેમને તેમની પેદાશો વેચવા માટે વધુને વધુ વિકલ્પો મળવા જોઈએ. ભૂતકાળમાં પણ ઘણી સરકારોએ આ અંગે વિચારણા કરી છે. આ વખતે પણ સંસદમાં ચર્ચા થઈ, મંથન થયું અને આ કાયદા લાવવામાં આવ્યા. દેશના ખૂણેખૂણેથી અનેક ખેડૂત સંગઠનોએ તેનું સ્વાગત કર્યું અને સમર્થન કર્યું. હું આજે તે બધાનો ખૂબ જ આભારી છું. આ માટે દેશના કૃષિ જગતના હિતમાં, ગામડાના, ગરીબોના હિતમાં, સંપૂર્ણ સહયોગ સાથે, ઉમદા આશયથી આ કાયદો લાવવામાં આવ્યો હતો. પરંતુ અમે ખેડૂતોના હિત માટેની વાત કેટલાક ખેડૂતોને સંપૂર્ણ રીતે સમજાવી શક્યા નથી. તેમ છતાં ખેડૂતોનો એક વર્ગ તેનો વિરોધ કરી રહ્યો હતો. અમે વાટાઘાટો કરવાનો પ્રયાસ કર્યો.આ મામલો સુપ્રીમ કોર્ટમાં પણ ગયો હતો. આ તમામ બાબતો દેશ આખો જાણે છે માટે તેમાં વધુ નથી કહેવા માગતો પરંતુ અમારી સરકાર હંમેશા દેશ હિતમાં પગલા લેશે. પોતાના સંબોધનમાં પીએમ મોદીએ કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતો માટે કરવામાં આવેલા કાર્યોને ગણાવ્યા હતા. તેનો ઉલ્લેખ કરતાં તમણે કહ્યું કે ખેડૂતોને તેમની ઉપજની યોગ્ય કિંમત મળે તે સુનિશ્ચિત કરવા માટે અનેક પગલાં લેવામાં આવ્યા છે.

પ્રિટેશન સેન્ટર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ સૂત્રોએ જણાવ્યુ છે કે રિઅલ લાઈફ એક્સપિયરન્સ આપતા ઈન્ફર્મેશન સેન્ટરમાં ગુજરાતી ઉપરાંત અંગ્રેજી ભાષામાં ઓડિયો અને સ્કેલ હશે. દિવ્યાંગોને ધ્યાને રાખી અટલ બ્રેઈન લિપીનો પણ ઉપયોગ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.